# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટમાં ખેલ મહાકુંભના ત્રીજા તબક્કાનો પ્રારંભ કરાવશે.
2) આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, "રાજ્ય સરકાર સૂચિબદ્ધ હૉસ્પિટલો પર ચાંપતી નજર રાખશે."
3) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે અને આવતીકાલે પોરબંદર લોકસભા વિસ્તારના પ્રવાસે આવશે.
4) અમદાવાદની અમરાઈવાડી પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે ત્રણ લોકોને પકડી પાડ્યા.
5) રાજ્યમાં આગામી 2 દિવસ ઠંડીનું પ્રમાણ ઘટવાની આગાહી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KHEL MAHAKUMBH RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે રાજકોટમાં સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલયના એથ્લેટિક્સ ગ્રાઉન્ડ ખાતેથી ખેલ મહાકુંભના ત્રીજા તબક્કાનો પ્રારંભ કરાવશે. રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, “વર્ષ 2010માં 13 લાખ રમતવીરોની સહભાગિતાથી શરૂ થયેલા ખેલ મહાકુંભમાં આજે વિક્રમજનક 71 લાખ 30 હજારથી વધુ રમતવીરો ભાગ લેશે.” આ અંગે સાંભળીએ એક અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ અજય ઈન્દ્રેકર)**

# KHEL MAHAKUMBH

ખેલ મહાકુંભના ત્રીજા તબક્કાની ઝોન અને તાલુકાકક્ષાની સ્પર્ધાઓ આવતીકાલથી 13 જાન્યુઆરી સુધી તેમ જ જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ 15 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી દરમિયાન યોજાશે. ઑનલાઈન નોંધણી કરાવનારા તમામ ખેલાડીઓ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ KHELMAHAKUMBH.GUJARAT.GOV.IN/CALENDAR લિન્ક પર મુકાયો છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# MEDICAL AWARDS RUSHIKESH PATEL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, “રાજ્ય સરકાર દ્વારા રાજ્યની એમ્પેનલ્ડ એટલે કે, સૂચિબદ્ધ હૉસ્પિટલો પર ચાંપતી નજર રાખવામાં આવશે.

તેમજ મા કાર્ડ- PMJAY યોજનાનો લાભ જરૂરિયાતમંદ સુધી પહોંચે તેવો આપણે પ્રયાસ કરવાનો છે. તેમણે ઉમેર્યું કે, "રાજ્યમાં એક પણ જિલ્લો એવો નહીં રહે, જ્યાં મેડિકલ મહાવિદ્યાલય ન હોય." અમદાવાદમાં ગઈકાલે DNX ટૉક્સ 'ભારત મેડિકલ એક્સલન્સ એવોર્ડ્સ' કાર્યક્રમમાં આરોગ્ય મંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ – આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ)

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તબીબી ક્ષેત્રમાં કાર્યરત્ શ્રેષ્ઠ પ્રતિભાઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે વિકસિત ભારતના સંકલ્પમાં આરોગ્ય ક્ષેત્રનો મહત્વનો ફાળો રહેશે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

# SURAT FIRE

સુરતના પીપલોદ વિસ્તારમાં ગઈકાલે કારના શૉ-રૂમમાં આગ લાગી હતી. સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, આગને કાબૂમાં લેવા માટે અગ્નિશમન દળની સાત ગાડી ઘટનાસ્થળે પહોંચી હતી.

અગ્નિશમન દળના અધિકારી એસ. જી. ધોબીએ જણાવ્યું કે, વેસુ પીપલોદ રોડ પર આવેલા ખાનગી કાર કંપનીના શૉ-રૂમમાં ઇલેક્ટ્રિક ડેકમાં આગ લાગતાં તે ત્રણ માળ સુધી પ્રસરી હતી. જોકે, અગ્નિશમન દળે સતત પાણીનો મારો ચલાવી સમયસર આગને કાબૂમાં લેતા કોઈ જાનહાની થઈ નહતી.

# MANSUKH MANDAVIYA VISIT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે અને આવતીકાલે પોરબંદર લોકસભા વિસ્તારના પ્રવાસે જશે. સત્તાવાર યાદી મુજબ, ડૉ. માંડવિયા આજે અને આવતીકાલે કેશોદ, જેતપુર, ગોંડલ અને ઉપલેટાનો પ્રવાસ કરશે. તેમજ આવતીકાલે તેઓ કાર્યાલય ખાતે લોકપ્રશ્નો સાંભળશે.

શ્રી માંડવિયા આજે સવારે જુનાગઢના કેશોદ ખાતે લોકાર્પણ અને ખાતમુહૂર્તમાં હાજરી આપશે. ત્યારબાદ બપોરે APMC વંથલી ખાતે ટિફિન બેઠકમાં, જેતપુર ખાતે ધવલ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત શ્રી માંડવિયા બપોરે ગોંડલ ખાતે આવેલી નદી પર નિર્માણ પામનારા પૂલનું પણ ખાતમુહૂર્ત કરશે. દરમિયાન તેઓ ગોંડલના વિજયનગર ખાતે શહેરી જાહેર આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે.

શ્રી માંડવિયા શ્રી દાસી જીવણ સત્સંગ મંડળ ગોંડલ દ્વારા યોજાનારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ કાર્યક્રમમાં, ગોંડલના નાના શંકરપુરા ખાતે જળ એ જીવન લોકડાયરામાં પણ ઉપસ્થિત રહેશે. જ્યારે આવતીકાલે તેઓ સવારે ઉપલેટાના યુવાનો સાથે સાયકલીંગ કરશે. ત્યારબાદ ગોરસ સાંસદ કાર્યાલય ખાતે સવારથી બપોર સુધી સ્થાનિક લોકો સાથે મુલાકાત કરી લોકપ્રશ્નો સાંભળશે.

# ARVALLI MAGFALI KHARIDI

અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી 80 હજાર 574 ક્વિન્ટલથી વધુ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. વિવિધ કેન્દ્રો પર હાલમાં આ

ખરીદી ચાલી રહી હોવાનું ધનસુરા ખરીદ કેન્દ્રના ઇન્ચાર્જ પ્રમોદ પટેલે જણાવ્યું હતું.

**(બાઈટ – પ્રમોદ પટેલ)**

# ANAND KRUSHI UNI CONVOCATION

**રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આજે આણંદ કૃષિ વિશ્વ વિદ્યાલયનો 21મો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાશે. દરમિયાન 580 વિદ્યાર્થીઓને પદવી, 43 તેજસ્વી વિદ્યાર્થીઓને કુલ 98 સુવર્ણ ચંદ્રક તેમ જ રોકડ ઈનામ એનાયત કરાશે. સ્પૉર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલ પણ ઉપસ્થિત રહેશે.**

**આ સમારોહમાં કૃષિ વિશ્વ વિદ્યાલયના સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ ક્ષેત્રે કામ કરતા વૈજ્ઞાનિકોને પણ પુરસ્કારથી સન્માનિત કરાશે તેમ આણંદ કૃષિ વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડૉ. કે. બી. કથીરિયાએ જણાવ્યું હતું.**

# Leads ranking

ગુજરાતે લોજિસ્ટિક્સ અને કાર્ગો મુવમેન્ટ ક્ષેત્રે સુગમતા માટે લોજિસ્ટિક્સ ઈઝ એક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ એટલે કે લીડ્સ રેન્કિંગમાં સતત છઠ્ઠા વર્ષે દેશમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાતે ટોચની કાર્યક્ષમ શ્રેણી “એચીવર્સ”માં આ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

નવી દિલ્હીમાં ગઇકાલે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ દ્વારા LEADS 2024" રિપોર્ટ અને રેન્કિંગ જાહેર કરાયા હતા. રાજ્યએ LEADS સૂચકાંકમાં વર્ષ 2018, 2019 અને 2021માં પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. છેલ્લા ત્રણ વર્ષથી મંત્રાલય દ્વારા રાજ્યોને "એચીવર્સ", "ફાસ્ટ મૂવર્સ" અને "એસ્પાયરર્સ" શ્રેણીમાં પુરસ્કાર આપવામાં આવે છે. જેમાં ગુજરાતે સતત ત્રણ વર્ષથી "એચીવર્સ શ્રેણીમાં આ સ્થાન મેળવ્યું છે. ગુજરાતે એક વ્યાપક લોજિસ્ટિક્સ માળખાકીય મૂલ્ય શ્રેણી વિકસાવી છે, જેમાં દૂરના વિસ્તારો સુધી પહોંચતા પહોળા માર્ગની જાળવણી, એક્સપ્રેસ-વે, બંદરના વિકાસ, રેલવે જોડાણ પ્રોજેક્ટ્સ વગેરે સામેલ છે.

# Standard Carnival -science city

**અમદાવાદના સાયન્સ સિટી ખાતે આજે બ્યૂરો ઑફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ-BIS સ્ટાન્ડર્ડ કાર્નિવલનો પ્રારંભ થશે. આ કાર્નિવલનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ટેક્નોલોજી અને રોજિંદા જીવનમાં ગુણવત્તાના મહત્વથી માહિતગાર કરવાનો છે. આ કાર્નિવલ વિદ્યાર્થીઓ માટે ભણતરની સાથે મનોરંજન પણ પૂરું પાડશે. BIS દ્વારા રાજ્ય સરકારના સહયોગથી યોજાનારા આ કાર્યક્રમમાં 500થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ વિવિધ પ્રયોગો નિહાળશે, સ્પર્ધાઓમાં ભાગ લેશે અને નિષ્ણાતો સાથે ચર્ચા કરશે.**

# INGOLI PRIMARY SCHOOL

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની ઈંગોલી પ્રાથમિક શાળાએ પ્લાસ્ટિકમુક્ત શાળા બનાવીને વર્લ્ડ બુક ઑફ રેકોર્ડસમાં સ્થાન મેળવ્યું છે.

શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓના સહિયારા પ્રયત્નથી શાળાનાં આચાર્યનાં માર્ગદર્શન હેઠળ પ્લાસ્ટિકની બોટલોનું એકત્રીકરણ કરીને શાળાને પ્લાસ્ટિકમુક્ત બનાવી છે.

ગાંધીનગર ખાતે યોજાયેલા સમારોહમાં ઈંગોલી પ્રાથમિક શાળાએ વર્લ્ડ વાઈડ બુક ઑફ રેકોર્ડ- પ્રમાણપત્ર અને ચંદ્રક એનાયત કરાયો હતો.

# AMDAVAD CHINESE DORI

અમદાવાદ પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના 744 ટેલર સાથે ત્રણ લોકોને પકડી પાડ્યા છે. મળતી માહિતી મુજબ, શહેરના અમરાઈવાડી પોલીસ મથકના કર્મચારીઓ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન અમરાઈવાડી હાટકેશ્વર ચાર રસ્તા સૂર્યનગર હરિઓમ ફ્લેટ નીચે ખૂલ્લી જગ્યામાં ચાઈનીઝ દોરી વેચાતી હોવાની માહિતી મળી હતી.

પોલીસે દરોડા પાડી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના એક લાખ 56 હજાર 240 રૂપિયાના 744 ટેલર સહિત 2 લાખ 77 હજાર 240 રૂપિયાના માલસામાન સાથે ત્રણ લોકોને પકડી પાડ્યા હતા.

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી 2 દિવસ ઠંડીનું પ્રમાણ ઘટવાની આગાહી વ્યક્ત કરી છે. રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી કેટલાક જિલ્લાઓમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારાની સાથે ઠંડીથી આંશિક રાહત મળી છે. જોકે, હવે આગામી 2 દિવસ બાદ ઠંડીનું પ્રમાણ વધવાની પણ સંભાવના છે એમ હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસે જણાવ્યું હતું.

(બાઈટઃ એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)

છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 10 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે કચ્છના ભુજ, કંડલા હવાઈમથક, કંડલા બંદર, અમદાવાદ, ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન 11થી 19 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહ્યું હતું.

# VIKAAS KAAMO-KUVARJI HALPATI-DANG

ડાંગ જિલ્લામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજી હળપતીએ 384 વિકાસકામોને મંજૂરી આપી છે. જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં મંત્રીશ્રીએ 2024/25ના ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત હાથ ધરાનારા આદિવાસી વિસ્તારના વિવિધ વિકાસ કામોને મંજૂરી આપી છે.

બેઠકમાં જિલ્લા પ્રભારી મંત્રીશ્રી દ્વારા પાક વ્યવસ્થા, પશુપાલન, ડેરી વિકાસ, મત્સ્યઉદ્યોગ, વન વિકાસ, સહકાર, ગ્રામ વિકાસ, ઉર્જા, વિકાસ, વિગેરે જેવા વિભાગોના કામો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

# Panchmahostv-Nature Trail

પંચમહાલમાં પંચમહોત્સવના બીજા દિવસે ગઇકાલે હાલોલ પ્રાંત અધિકારી અને  વન વિભાગના કર્મચારીઓ દ્વારા બાળકો માટે નેચર ટ્રેઇલ યોજવામાં આવી હતી. અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે  આ નેચર ટ્રેઇલમાં જેપુરા પ્રાથમિક શાળાના બાળકોને માંડવી ઇકો ટુરીઝમ સાઈટ ખાતે આવેલા બટર ફ્લાય બગીચાની મુલાકાત કરાવવામાં આવી હતી. તેમજ વન વિભાગના અધિકારી દ્વારા બાળકોને વિલુપ્ત થવાના આરે રહેલા પ્રાણીઓ અને વનસ્પતિઓ તેમજ પ્રકૃતિના જતન અંગે માહિતી આપવામાં આવી હતી.